# ઘ-૫ જુની ચોપાટીએ અડધી રાત્રે નાસ્તાની લારી સળગાવાઈ



**રાધે પરોઠા શાક નાસ્તાની લારીને અજાણ્યા ઇસમોએ આગ ચાંપી : નજીકની ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીના માથાભારે તત્વો પર વેપારીઓને શંકા : ચાલુ ઘરાકીએ ગ્રાહકોની નજર ચુકવીને ફોન-પર્સ તફડાવી લેતા ઈસમોનો ત્રાસ : બે દિવસ પહેલા જ બબાલ થઈ હતી ત્યારે ધમકી આપી હતી**

ગાંધીનગર તા. ૧૩

ગાંધીનગરના ઘ-૫ સર્કલ પાસેની જુની ચોપાટી ખાતે ગઈકાલે મોડી રાત્રીએ રાધે પરોઠા શાક નામની એક નાસ્તાની લારીને કોઈક અજાણ્યા ઈસમો દ્વારા સળગાવી દેવાની ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં નજીકમાં સિદ્ધાર્થ લો કોલેજ સામે વિકસેલી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીમાં કેટલાક માથાભારે તત્ત્વો જવાબદાર હોવાની જૂની ચોપાટીના વેપારીઓએ શંકા વ્યક્ત કરી છે કેમ છે બે દિવસ પહેલાં જ આ લારીના માલિક મોહનલાલ કુમાવતને આ તત્ત્વો સાથે માથાકૂટ થવા પામી હતી જે દરમ્યાન તેમણે 'જોઈ લેવાની' ધમકી પણ આપી હતી.

ઘ-૫ સર્કલ પાસેની જુની ચોપાટીના વેપારીઓના જણાવ્યા અનુસાર નજીકમાં વિકસેલી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીમાં કેટલાક માથાભારે તત્વોનો ત્રાસ દિન પ્રતિદિન વધતો જાય છે તેઓ સાંજના બરાબર ઘરાકીના સમયે આવી જ્યારે લારીધારક ગ્રાહકોના ઓર્ડર મુજબ નાસ્તા બનાવવામાં વ્યસ્ત હોય ત્યારે ગ્રાહકોને જમવાના ટેબલની આસપાસ ફરી ગ્રાહકોની નજર ચુકાવીને તેમના મોબાઈલ, પર્સ કે અન્ય કોઈ ચીજવસ્તુ તફડાવી લેવાના કિમિયા કરે છે. આ ઉપરાંત અનેકવાર તેઓ નાસ્તાના વેપારીઓના રાંધણ ગેસના બાટકા સહિતની ચીજવસ્તુઓની ઉઠાંતરી કરે છે અને જો વેપારી તેમને ધમકાવે તો તેમની સાથે ઝઘડા, ટંટા-ફસાદ કરે છે અથવા દૂરથી ગિલોલથી પથ્થર મારવા જેવા કૃત્યો કરી પરેશાન કરે છે. જૂની ચોપાટીના શ્રમજીવી વેપારીઓ રોજ અહીં ધંધો કરવાનો હોવાથી તેમની પ્રવૃત્તિઓને નજરઅંદાજ કરતા હોય છે પરંતુ દિનપ્રતિદિન આ ઝૂંપડાવાસીઓનો ત્રાસ વધતો જઈ રહ્યો છે.

બે દિવસ પહેલા જે લારી સળગાવી દીધી તે રાધે પરોઠા શાક પર ઝૂપડપટ્ટીના કેટલાક યુવકો ઘરાકીના સમયે આવીને ટેબલોની વચ્ચે ફરતાં હતાં ત્યારે લારીના માલિક મોહનલાલ કુમાવત તેમને ટેબલો વચ્ચે ફરવાની ના પાડી હતી જેના પગલે તેમણે મોહનલાલ સાથે ઝઘડો કર્યો હતો. આ ઝઘડામાં ઝૂંપડપટ્ટીમાંથી પણ વધુ ચપ્પા-લાકડીઓ જેવા હથિયારો લઈને માણસો આવી ચડ્યા હતા અને આ ટોળા એકત્ર થઈ મોહનલાલને જોઈ લેવાની ધમકી આપી હતી. બરાબર તેના બે દિવસ પછી મોહનલાલ કુમાવતની રાધે પરોઠા શાક નામની લારીને મોડી રાત્રે અઢી ત્રણ વાગ્યાના સુમારે સળગાવી દેવાની ઘટના સર્જાઈ હતી. આ બાબતની કોઈક અજાણ્યા ઈસમે ફોન કરીને મોહનલાલને જાણ કરતા મોહનલાલ તેમના મિત્રો સાથે સ્થળ પર ધસી આવ્યાં હતા અને આગને ઓલવી હતી પરંતુ તે પહેલા તેમની લારીનો ઘણો સામાન આગથી બળવાને કારણે નુકસાન પામ્યો હતો. આ સમયે રાત્રી પેટ્રોલીંગ કરતી પીસીઆર વાન પણ ઘટનાસ્થળ પર આવી હતી ત્યારે વેપારીએ મૌખિક રજુઆત કરી હતી.



## ગુજરાતે પોપ્યુલેશન કંટ્રોલ બીલનો અભ્યાસ શરૂ કર્યો

**યુપી જેવા પોપ્યુલેશન કંટ્રોલ બીલ પર રાજ્યની નજર : આ મામલે કોઈ ઔપચારિક નિર્ણય નથી લેવાયો પરંતુ ગુજરાત સરકાર નિષ્ણાતો પાસેથી સલાહ-સૂચનો લેશે**

ગાંધીનગર, તા.૧૩

ઉત્તરપ્રદેશ સરકાર ટૂંક સમયમાં જ પ્રસ્તાવિત પોપ્યુલેશન કંટ્રોલ બિલ (જનસંખ્યા નિયંત્રણ બિલ)નો પહેલો ડ્રાફ્ટ જાહેર કરવાની તૈયારીમાં છે. ત્યારે ગુજરાત સરકાર પણ તેમના પગલે ચાલી શકે છે. ગુજરાત સરકારે આ પ્રકારના કાયદાના ફાયદા-ગેરફાયદાનો અભ્યાસ શરૂ કરી દીધો છે.

રાજ્ય સરકારમાં રહેલા મહત્વના સૂત્રોએ આ બાબતની પુષ્ટિ કરતાં કહ્યું છે કે, ઉત્તપ્રદેશમાં રજૂ કરાયેલા પોપ્યુલેશન કંટ્રોલ બિલના ફાયદા અને ગેરફાયદાનો અભ્યાસ ગુજરાત સરકારે શરૂ કરી દીધો છે. અત્યાર સુધીમાં આ મામલે કોઈ ઔપચારિક નિર્ણય નથી લેવાયો પરંતુ સરકાર નિષ્ણાતો પાસેથી સલાહ-સૂચનો લેશે અને સામાન્ય નાગરિકોનો અભિપ્રાય પણ જાણશે, તેમ સૂત્રોએ જણાવ્યું.

સૂત્રોએ આગળ જણાવ્યું, સરકાર ઉત્તરપ્રદેશના પ્રસ્તાવિત પોપ્યુલેશન કંટ્રોલ બિલનો બારીકાઈથી અભ્યાસ કરી રહી છે. જો રાજ્ય સરકાર આ પ્રકારનો કાયદો લાગુ કરવાનું વિચારે તો આગામી ચોમાસુ સત્ર દરમિયાન આ બિલ ગુજરાત વિધાનસભામાં રજૂ થઈ શકે છે. ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા પ્રસ્તાવિત બિલ જેવું જો ગુજરાત સરકાર લાવે તો ભાજપને રાજકીય દ્રષ્ટિએ ઘણો ફાયદો થઈ શકે છે.

ઉત્તરપ્રદેશ પોપ્યુલેશન (નિયંત્રણ, સ્થિરતા અને કલ્યાણ) બિલ ૨૦૨૧નો ડ્રાફ્ટ થોડા દિવસ પહેલા જ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. ડ્રાફ્ટ પ્રમાણે, જે દંપતીને બેથી વધુ સંતાનો હશે તેમને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાથી માંડીને સરકારી નોકરીઓમાં અરજી કરવા પર રોક તેમજ સબસિડી સહિતના લાભ જતા કરવા પડશે.

રાજ્ય સરકાર જ્યારે પોપ્યુલેશન કંટ્રોલ બિલનો ડ્રાફ્ટ તૈયાર કરવાનો નિર્ણય કરશે ત્યારે જુદા-જુદા વર્ગના હિતધારકો સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરશે. બેથી વધુ બાળક લાવનાર દંપતી સામે યૂપીમાં કાયદાની હદમાં રહીને શિક્ષાત્મક દંડ કરવાની તેમજ સરકારી યોજનાઓનો લાભ નહીં આપવાની જોગવાઈ કરવામાં આવી છે અને આ પ્રકારની સજા પર પણ ગુજરાત સરકાર વિચાર કરી શકે છે. જો રાજ્ય સરકાર આ બિલને અપનાવશે તો બેથી વધુ બાળકો ધરાવતા વ્યક્તિને સરકારી નોકરી નહીં આપવાની અને હોય તો કાઢી મૂકવાની કલમોનો પણ સમાવેશ કરી શકે છે.



### એક બંગલા બને ન્યારા..!

સુંદર ઘર બનાવવાની મહેચ્છા ફક્ત માણસોની જ થોડી હોય છે, આ નાનકડાં પંખીને જ જોઈ લો કેટલી મહેનત કરી રહ્યું છે. એક પાતળી, નાજુક ડાળી ઉપર ઝૂલી રહેલો આ માળો એટલે નાનકડા પંખીનો કુદરત ઉપરનો વિશ્વાસ, ભરોસો... એક નાનકડું પંખી જો કુદરત પર આટલો વિશ્વાસ રાખી શકે છે તો આપણે માનવો શેને માટે ભય પામીએ છીએ !

(તસ્વીર સૌજન્ય : નિયતી કાપડીયા)

## કોરોના સામેના જંગમાં જનશક્તિના સમર્થનથી મોટી તાકાત મળી : અમિતભાઈ શાહ

**રાજભવન દ્વારા એક લાખ ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સને જીવનજરૂરી કીટ પહોંચાડવાના લક્ષ્યાંકની સિદ્ધિ સાથે "કોરોના સેવાયજ્ઞ"નો સમાપન સમારોહ યોજાયો : દાતાઓનો આભાર માનતા મહાનુભાવો**

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં રાજભવન દ્વારા એક લાખ કોરોના વોરિયર્સને કીટ પહોંચાડવાના જન અભિયાન "કોરોના સેવાયજ્ઞ"ના સમાપન પ્રસંગે યોજાયેલાં "ધન્યવાદ જ્ઞાપન સમારોહ"માં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સેવાયજ્ઞમાં સહયોગ આપનારા દાતાશ્રીઓનું અભિવાદન કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કોરોના સામેના જંગમાં ૧૩૦ કરોડ દેશવાસીઓની જનશક્તિના સમર્થનથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારને મોટી તાકાત મળી છે. આ સેવાયજ્ઞનું સમાપન એ અલ્પ વિરામ છે, તેમ જણાવી શ્રી શાહે જનસેવાનો યજ્ઞ નિરંતર ચાલુ રહે તેવો અનુરોધ પણ કર્યો હતો.

ગુજરાતની મુલાકાતે આવેલાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, નિરંતર જનસેવાના ભાગરૂપે યુવાનો સો ટકા રસીકરણના કેન્દ્ર સરકારાના લક્ષ્યાંકને સિદ્ધ કરવા પુરુષાર્થ કરે,



કારણ કે સો ટકા રસીકરણ જ કોરોનાને નાથવાનું અસરકારક શસ્ત્ર છે. તેમણે દિવાળીના તહેવારો સુધી દેશભરના ગરીબ-જરૂરતમંદ લોકોને નિઃશુલ્ક પાંચ કિલો અનાજ આપવાની યોજનાને જન-જન સુધી પહોંચાડવા યુવાનોને અનુરોધ પણ કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની પ્રેરણાથી રાજભવન ગુજરાત દ્વારા શરૂ કરાયેલાં "કોરોના સેવાયજ્ઞ"ને તેમણે પ્રેરણારૂપ સેવાકાર્ય ગણાવ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી શાહે કોરોના સેવાયજ્ઞના આ સમાપન સમારોહમાં આ સેવાયજ્ઞમાં સહયોગ આપનારા દાતાશ્રીઓને ધન્યવાદ પાઠવી આભાર માન્યો હતો.

## સી-પ્લેન ૮ મહિનામાં ૮ દિવસ પણ ન ચાલ્યુ : અર્જુનભાઈ મોઢવાડિયા

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદથી કેવડિયા વચ્ચે એક નવેમ્બર ૨૦૨૦થી સી-પ્લેન સફર શરૂ કરાઈ હતી. પરંતુ આ સી-પ્લેન પણ ભાજપ સરકારની અન્ય યોજનાઓની જેમ માત્ર એક તાયફો સાબિત થઈ છે. આ અંગે માહિતી આપતા કોંગ્રેસના નેતા અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યુ હતુ કે અમદાવાદ સાબરમતી રિવરફ્રંટથી કેવડિયા સુધી ચાલુ કરાયેલ સી-પ્લેન ૮ મહિનામાં ૮ દિવસ પણ ચાલ્યુ નથી. દર દસ દિવસે સી-પ્લેનને મેન્ટનન્સ માટે મોકલી દેવાય છે. છેલ્લા મેન્ટેનન્સ માટે ૯ એપ્રિલે માલદીવ ગયેલ સી-પ્લેન ૩ મહિનાથી ડોકાણું પણ નથી. એટલે ભાજપ સરકારની બીજી યોજનાઓની જેમ મોટા ઉપાડે શરૂ કરાયેલ સી-પ્લેનનું પણ શૂરરશુરીયુ થયુ. ૫૦ વર્ષ જૂનું રજિસ્ટ્રેશન નંબર ૮ઊ઼-જીઝ ધરાવતું સી-પ્લેનની ખરીદી કરીને પ્રથમથી જ ભાજપ સરકારે પ્રોજેક્ટને નિષ્ફળ બનાવવાની તૈયારી કરી લીધી હતી. અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉમેર્યુ હતુ કે કોરોના મહામારીની પ્રથમ લહેરના મુશ્કેલ સમયમાં આયોજન વગર લોકડાઉન લાદીને લોકોના ધંધા-રોજગાર છીનવી લીધા હતા. આવા મુશ્કેલ સમયમાં જનતાને રાહત આપવાની જગ્યાએ ભાજપ સરકારે ઉલ્ટાના માસ્કના દંડના નામે લોકો પાસેથી લૂંટેલા કરોડો રૂપિયાનો સી-પ્લેનના તાયફા અને જાહેરાતો પાછળ ધુમાડો કરી દીધો. પાણીની જેમ વપરાયેલ જનતાની પરસેવાની કમાણીના પૈસા પણ પાણીમાં ગયા. તેના માટે ભાજપ સરકાર રાજ્યની જનતાની માફી માંગે!

### લઈને આવશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરે છે. તેથી આપણે દરેક પ્રકાર પર નજર રાખવી પડશે. મ્યૂટેશન પછી તે આપણને કેટલા હેરાન કરશે તેના પર નિષ્ણાંતો કામ કરી રહ્યા છે. મોદીએ કહ્યું, ઘણી વખત લોકો આ સવાલ પૂછે છે કે ત્રીજી લહેર માટેની તૈયારી શું છે? તમે ત્રીજા લહેરમાં શું કરશો? આજે આપણા મનમાં એ સવાલ હોવો જોઈએ કે ત્રીજી લહેરને આવવાથી કેવી રીતે રોકી શકાય.

તેમણે કહ્યું, કોરોના એવી વસ્તુ છે, તે પોતે જ નથી આવતી. કોઈ લઈને આવે ત્યારે જ તે આવે છે. જેથી જો આપણે સાવચેત રહીશું, તો ત્રીજી લહેરને અટકાવી શકીશું. કોરોનાની ત્રીજી લહેરને રોકવી એ મોટી વાત છે. તેથી કોરોના પ્રોટોકોલનું પાલન કરવું જરૂરી છે. હાલ હિલ સ્ટેશનો પર ખૂબ ભીડ છે. લોકો ત્રીજી લહેર પહેલા એન્જોય કરવા માંગે છે. મનાલીની આ તસવીર એ સાક્ષી છે કે કોવિડ -૧૯ માર્ગદર્શિકા અંગે લોકો કેટલા સાવધ છે. ભીડમાં કોવિડ -૧૯ નિયમોનું પાલન નહીં કરવાને કારણે દિલ્હીના ઘણા બજારો બંધ થઈ ગયા છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે આ તસવીર બતાવી હતી કે લોકો કેવી રીતે કોવિડ નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

### આગ લાગતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલમાં આગનું કારણ શોર્ટ સર્કિટ કહેવાઈ રહ્યું છે. જો કે હજુ આ અકસ્માત પર તપાસ થવાની બાકી છે. આરોગ્ય અધિકારીના જણાવ્યાં મુજબ ઓક્સિજન સિલિન્ડરમાં વિસ્ફોટને પણ આગનું કારણ ગણાવાઈ રહ્યું છે. પરંતુ હજુ સુધી સરકાર તરફથી કોઈ અધિકૃતિ નિવેદન બહાર પડ્યું નથી. હોસ્પિટલમાં ફક્ત ત્રણ મહિના પહેલા જ નવો કોરોના વોર્ડ શરૂ કરાયો હતો. જેમાં ૭૦ બેડની વ્યવસ્થા કરાઈ હતી. સ્વાસ્થ્ય વિભાગના પ્રવક્તા આમિર જમીલીએ જણાવ્યું કે આ અકસ્માત થયો ત્યારે વોર્ડમાં લગભગ ૬૩ દર્દીઓ દાખલ હતા. ઈરાકના સિવિલ ડિફેન્સના પ્રમુખ મેજર જનરલ ખાલિદ બોહને કહ્યું કે હોસ્પિટલના નિર્માણમાં જ્વલશીલ પદાર્થનો ઉપયોગ થયો હતો જે આગને વધુ તેજીથી ફેલાવવાનું કામ કરે છે. આ વર્ષે ઈરાકમાં આવું બીજીવાર બન્યું કે આટલી મોટી સંખ્યામાં કોરોના દર્દીઓના આ રીતે મોત થયા. એપ્રિલમાં પણ આ જ પ્રકારે એક ઘટના ઘટી હતી જેમાં ૮૩ લોકોના જીવ ગયા હતા. ત્યારે ઈબ્ન અલ ખાતીબ હોસ્પિટલમાં ઓક્સિજન ટેંકમાં ધડાકો થયો હતો અને ત્યારબાદ આગ લાગી હતી. આ દુર્ઘટનાએ ફરી એકવાર ઈરાકની હોસ્પિટલોમાં સુરક્ષા માપદંડો અને કુશાસનની પોલ ખોલી નાખી છે. દેશમાં કોરોનાના વધતા કેસ વચ્ચે આ પ્રકારની દુર્ઘટનાઓ ગંભીર સવાલ પેદા કરે છે. ગત સપ્તાહ ૯ હજારથી વધુ કોરોના કેસ નોંધાયા હતા.

## વેરાવળ-સુત્રાપાડામાં બે કલાકમાં ચાર ઈંચ વરસાદ

ગીર સોમનાથ, તા.૧૩

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યભરમાં વરસાદનું આગમન થયું છે, ત્યારે આજે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં સવારે ૮થી ૧૦ વાગ્યાની વચ્ચે ૧૦૦ મીમી એટલે કે ૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડતા ઠેર-ઠેર પાણી ભરાયા હતા. હવામાન ખાતાના જણાવ્યા મુજબ અઠવાડિયા સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદની શક્યતા છે.

ગીર સોમનાથ જિલ્લામાં સોમવારે પણ બપોર બાદ ધોધમાર વરસાદ પડતા મુખ્ય માર્ગો અને નીચાણવાળા અમુક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જિલ્લામાં બે કલાકમાં સૌથી વધુ સુત્રાપાડામાં સવા બે ઇંચ અને વેરાવળમાં પોણા બે ઈંચ વરસાદ વરસતાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. વરસાદના પગલે ખેડુતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યભરમાં અતિભારે વરસાદ પડવાની આગાહી છે. ફોરકાસ્ટ મુજબ ૧૩થી ૨૦ જુલાઈ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ૪થી ૧૫ ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. સોમવારે અમદાવાદના પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડતા પાણી ભરાયા હતા.

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી મંદ પડેલું ચોમાસુંફરી સક્રિય થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી દિવસોમાં ભારે વરસાદ પડી શકે છે. જે અનુસંધાને આજે એટલે કે ૧૩ જુલાઈના રોજ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અનો સૌરાષ્ટ્ર કચ્છમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.




## રોટરી ક્લબ ઓફ કેપિટલનો પદગ્રહણ સમારોહ યોજાયો

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી ક્લબ ઓફ કેપિટલના નવનિયુક્ત હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ તાજેતરમાં યોજાયો હતો જેમાં વર્ષ-૨૦૨૧-૨૨ માટે સંસ્થાના પ્રમુખપદે અમીબેન શાહ અને સેક્રેટરી પદે પત્રકાર પાર્થ ઠક્કરની વરણી કરવામાં આવી હતી. પદગ્રહણ સમારોહમાં ઈન્સ્ટોલેશન ઓફિસર પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગર્વનર મૌલિન પટેલે પદાધિકારીઓને શપથગ્રહણ કરાવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે કાંતિલાલ અમૃતિયા ઉપસ્થિત રહ્યા હતા. રોટલી ક્લબ ઓફ કેપિટલના પદગ્રહણ સમારોહમાં નવા વરાયેલા પ્રમુખ અમીબેન શાહે આગામી વર્ષ માટે સંસ્થાના કાર્યોનો રોડમેપ રજૂ કર્યો હતો. જે માટે રોટરી ઈન્ટરનેશનલ દ્વારા દર માસની નિયત થીમ અનુસાર ટીમ વર્કથી કાર્ય કરીને સંસ્થાની નામના વધારવા કટિબદ્ધતા દર્શાવી હતી. આ સાથે બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પાસ્ટ પ્રેસિડેન્ટ ઈલાબેન વોરા, ખજાનચી પદે અશ્વિનભાઈ શર્મા, ઉપપ્રમુખ પદે યુવરાજસિંહ વાઘેલા અને રાજીવ ભંડારી, રોટરી ફાઉન્ડેશનના ચેરમેન એસ.કે. નંદા સહિત અન્ય મેમ્બર્સે પણ શપથગ્રહણ કર્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ